દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

મંગળવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૪

# ભારતીય નૌકાદળના કમાન્ડોઝની ચાંચિયા વિરોધી કામગીરી પ્રશંસાને પાત્ર છે

શુક્રવારે ભારતીય નૌકાદળના માર્કોસ કમાન્ડોએ એક અદભૂત કામગીરી કરીને બતાવી. સોમાલિયા નજીકથી ૧૫ જેટલા ભારતીય કર્મચારીઓ સાથેના એક વેપારી જહાજનું અપહરણ થયું છે એવો સંદેશો મળ્યા બાદ ભારતીય નૌકાદળના એક પેટ્રોલિંગ જહાજને તાબડતોબ આ અપહ્યત જહાજની દિશામાં રવાના કરવામાં આવ્યું અને કલાકોની જહેમત બાદ નૌકાદળના માર્કોસ કમાન્ડોઝ અપહ્યત જહાજમાં ઉતર્યા હતા અને ૧૫ ભારતીય કર્મચારીઓ સહિત આ જહાજ પરના તમામ ૨૧ કર્મચારીઓને લૂંટારાઓની ચુંગાલમાંથી છોડાવ્યા. રાતા સમુદ્રના વિસ્તારમાં વેપારી જહાજો પર ઉગ્રવાદી હુમલાઓ અને તેમની સાથે જ કેટલાક વિસ્તારોમાં ચાંચિયાગીરી પણ વધી ગઇ છે ત્યારે ભારતીય નૌકાદળે થોડા જ દિવસોમાં બીજી વખત આવી કામગીરી સફળતાપૂર્વક બજાવી છે.

ઉત્તરીય અરબી સમુદ્રમાં ચાંચિયા વિરોધી પેટ્રોલિંગની કામગીરી માટે તૈનાત કરાયેલા ભારતીય નૌકાદળના જહાજ આઇએનએસ-ચેન્નાઇએ ગુરુવારે સાંજે મદદ માટેનો એક સંદેશો આંતર્યો હતો. તે સંદેશા પરથી જાણવા મળ્યું હતું કે સોમાલિયાના કાંઠા નજીક એક વેપારી જહાજ પર પાંચથી છ જેટલા સશસ્ત્ર ચાંચિયાઓ ચડી ગયા છે અને તેમણે આ જહાજનું અપહરણ કરી લીધું છે. લાઇબેરિયાનો ધ્વજ ધરાવતા એમવી લીલા નોર્ફોક નામના આ જહાન પર ૧૫ ભારતીય કર્મચારીઓ પણ છે એમ જાણવા મળ્યું હતું. એમવી લીલાએ યુનાઇટેડ કિંગ્ડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ(યુકેએમટીઓ) પર સંદેશો મોકલ્યો હતો. સંદેશો મળ્યા બાદ ભારતીય નૌકાદળનું જહાજ આ વેપારી જહાજની દિશામાં ધસી ગયું હતું. જહાજની નજીક પહોંચ્યા બાદ જહાજ પરની સ્થિતિ પર હેલિકોપ્ટરો, વિમાન અને ડ્રોન્સ વડે નજર રાખવામાં આવી હતી. વેપારી જહાજના કર્મચારીઓ સાથે સંપર્ક કરવામાં નૌકાદળના જહાજને સફળતા મળી હતી અને આ કર્મચારીઓ સલામત છે તેની ખાતરી થઇ શકી હતી. ત્યારબાદ યોગ્ય સમયે નૌકાદળના માર્કોસ કમાન્ડો અપહ્યત જહાજ પર ચડ્યા હતા. કમાન્ડોઝની ચેતવણીને પગલે ચાંચિયાઓ જહાજ છોડીને ભાગી ગયા હતા અને જહાજ પરના તમામ કર્મચારીઓને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. ગુરુવારે સાંજે ચાંચિયાઓ જહાજમાં ચડ્યા ત્યારથી જહાજના તમામ કર્મચારીઓ એક સેફ રૂમમાં ભરાઇ રહ્યા હતા એમ જાણવા મળે છે. સંભવિતપણે જહાજ પર કોઇ ચાંચિયા સહિત કોઇ રહી તો ગયું નથી ને? તે માટેની સેનિટાઇઝેશનની કામગીરી કમાન્ડોઝ શુક્રવારે મોડી રાત સુધી કરી રહ્યા હતા. સેનિટાઇઝેશનની કામગીરી રાત્રે પુરી થઇ હતી અને જહાજ પર કોઇ ચાંચિયો હેલિકોપ્ટરો અને પ્રિડેટર એમક્યુ ડ્રોન્સને કામગીરીમાં તૈનાત કરવામાં આવ્યા હતા. બાદમાં નૌકાદળના માર્કોસ કમાન્ડોઝ આ જહાજ પર ચડ્યા હતા. સંભવતઃ કમાન્ડોઝ આ જહાજ પર ચડે તે પહેલા જ ચાંચિયાઓ કે લૂંટારૂઓ આ વેપારી જહાજ પરથી ભાગી છૂટયા હતા.



હવે બાકી નથી તેની ખાતરી થઇ ગઇ હતી. આ સાથે જ નૌકાદળના ઇતિહાસમાં એક ગૌરવવંતુ પ્રકરણ ઉમેરાઇ ગયું હતું. નૌકાદળનું જહાજ અપહ્યત જહાજની નજીકના વિસ્તારમાં પહોંચ્યું તે પછી આ અપહ્યત જહાજ પર થઇ રહેલી ગતિવિધિ પર સતત નજર રાખવામાં આવી હતી. મેરિટાઇમ પેટ્રોલિંગ વિમાન, 

જેમાં મોટા પ્રમાણમાં ભારતીય કર્મચારીઓ હોય તેવા વેપારી જહાજ પર હુમલાનો આ ત્રીજો બનાવ છે. ૨૩મી ડિસેમ્બરે સૌરાષ્ટ્ર કાંઠા નજીક એમવી શામ પ્લુટો નામના જહાજ પર ડ્રોન હુમલો થયો હતો જે જહાજમાં ૨૧ ભારતીય કર્મચારીઓ હતા. આ હુમલો કોણે કર્યો તે હજી સ્પષ્ટ થયું નથી. તે જ દિવસે કે તેના બીજા દિવસે રાતા સમુદ્રમાં એમવી સાઇબાબા નામના જહાજ પર હુથી બળવાખોરોએ ડ્રોન હુમલો કર્યો હતો તે જહાજમાં ૨૫ ભારતીય કર્મચારીઓ હતા. આ બંને બનાવમાં જો કે કોઇને ઇજા થઇ ન હતી. આના પછી આ શુક્રવારે એમવી લીલા નોર્ફોલ્કનું ચાંચિયાઓએ અપહરણ કર્યું હતું જેમાં ૧૫ ભારતીય કર્મચારીઓ હતા. આપણા નૌકાદળે બીજા દેશના કર્મચારીઓ ધરાવતા એક જહાજને પણ થોડા દિવસ પહેલા છોડાવ્યું હતું. આ પહેલા ૧૪મી ડિસેમ્બરે માલ્ટાનો ધ્વજ ધરાવતા એમવી રુએન નામના વેપારી જહાજનું અપહરણ થયું હતું. તેને છોડાવવા માટે પણ ભારતીય નૌકાદળનું એક પેટ્રોલિંગ જહાજ અન્ય દેશોના જહાજો સાથે ધસી ગયું હતું અને તે જહાજને મુક્ત કરાવાયું હતું. તેમાં જો કે કોઇ ભારતીય કર્મચારીઓ ન હતા. આના પછી હવે આ એમવી લીલા નોર્ફોલ્કને નૌકાદળના આઇએનએસ ચેન્નાઇએ એકલે હાથે મુક્ત કરાવ્યું છે. ભારતીય નૌકાદળના કમાન્ડોઝની કામગીરી ખરેખર પ્રશંસાને પાત્ર છે.

## હંમેશા ખુશ રહેવા માટે

વર્ષો બાદ અચાનક એક પ્રસંગે રાજ , જીના અને હેના ત્રણ મિત્રો ભેગા થયા.એકબીજાને મળીને ખુશ થયા...હાલચાલ પૂછ્યા ...ઘણા વર્ષે મળ્યા તેનો આનંદ હતો અને આટલાં વર્ષો ન મળાયું તેનો ખેદ પણ હતો. હવે દર વર્ષે મળતાં રહેવાનું નક્કી કર્યું અને છૂટાં પડ્યાં. થોડા વખતમાં ત્રણ મિત્રો ફરી પાછા સાથે મળ્યા, ઘણી વાતો મનમાં યાદ કરી લીધી કે આજે તો યુવાનીના દિવસો ફરી જીવી લઈશું. શરૂઆતમાં આટલા વર્ષો શું કર્યું ..પતિ કે પત્ની શું કરે છે ...બાળકો કેટલાં છે તેવી વાતો થઈ. પછી શરૂ થઇ ખરી મિત્રોની મસ્તી , જીના અને હેના બે ખાસ બહેનપણી અને રાજ તેમનો પાડોશી મિત્ર એવી આ ત્રણ જણની ટોળી હતી કોલેજ જુદી ..ભણવાનું જુદું ..પણ રોજ બપોરે મળવાનું ..રાત્રે મંદિરે સાથે જવાનું ... બધી જ જૂની જૂની વાતો શરૂ થઇ...શું એ મસ્તીના દિવસો હતા...તે દિવસો યાદ કર્યા બાદ કઈ રીતે તેઓ છૂટાં પડતાં ગયા તેની વાતો થઈ ...રાજ અન્ય સ્થળે રહેવા જતો રહ્યો... હેનાનાં લગ્ન થઈ ગયાં... ધીમે ધીમે મળવાનું ઓછું થયું પછી જીનાના પણ લગ્ન થઈ ગયાં...બધા પોતપોતાના સંસારમાં જીવન જીવવા લાગ્યા. ઘણી બધી વાતો બાદ તેમણે એકબીજાને પૂછ્યું કે ક્યારેક આપણી આ દોસ્તી યાદ આવતી હતી ખરી?'હેના લેખિકા હતી તેણે લેખિકાને છાજે તેવો ઉત્તર આપ્યો, 'કે દોસ્તીની સુગંધ તો મનના એક ખૂણામાં હંમેશા જીવંત જ રહે છે.'પછી એકબીજાની ચિંતા કરતાં દોસ્તોએ પૂછ્યું, 'શું જીવનમાં તેઓ સાચે ખુશ છે?'રાજ બોલ્યો, 'હા હા , ખુશ તો છું જ ...સુંદર પત્ની છે. દીકરીને હમણાં જ વર્ષ પહેલાં પરણાવી ...મોટો સફળ બિઝનેસ છે.ખુશ રહેવા માટે બીજું શું જોઈએ? પણ હા ક્યારેક કૈંક ખૂટતું હોય તેવું લાગે છે.' જીનાએ કહ્યું, 'જીવનમાં ઘણું મેળવ્યું ..ઘણું માણ્યું...બે બાળકો છે એકદમ સમજુ પતિ છે ...માતા -પિતા એક પછી એક છોડીને ચાલ્યા ગયા તે કપરી ક્ષણો હતી.બધી જ સુખ સુવિધાઓ છે કંઈ જ નથી એવું નથી પણ છતાં એમ લાગે છે કે જીવનમાં હજી કૈંક બાકી છે તે મળી જાય એટલે સારું.' હેનાએ કહ્યું, 'ખુશી તો આપણા મનની સ્થિતિ છે...જીવનમાં બધું જાત મહેનતે મેળવવાનો આનંદ છે...જીવનમાં ઘણા ચઢાવ ઉતાર આવ્યા...ઘણું મેળવ્યું ...એક તબક્કે સઘળું ગુમાવ્યું ...સતત કામ કર્યું ...દરેક સ્થિતિમાં હું ખુશ જ રહી છું અને આજે પણ બહુ ખુશ છું...તમારી પાસે શું શું છે ...તમે કેટલું મેળવ્યું ...હજી શું મેળવવાનું બાકી છે એ બધા વિચારોમાં ખુશી નથી.કારણ કે સાચી ખુશી કૈંક વધુ ને વધુ મેળવવામાં નહિ, પણ જે છે તેને મન ભરીને માણવામાં છે.મન ભરીને આજે તમને મળી જૂની યાદો માણી રહી છું ..પતિને સતત વરસતો પ્રેમ છે ...પુત્ર પણ પ્રેમાળ સમજુ છે ...મનગમતું કામ કરું છું એથી વધુ શું જોઈએ.'જીના અને રાજે કહ્યું, 'હજી તારી વાતો ..તારા વિચારો ...તારા જેવા જ સુંદર છે. તેં અમને ખુશીનો સાચો અર્થ સમજાવ્યો.'

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

# ઉચ્ચ શિક્ષણમાં નવી નીતિના નામે વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન કે ધકેલ પંચા દોઢસો?

**શિક્ષણ-સંસ્કાર**

કાર્તિકેય ભટ્ટ

**હવે વિચારવાનો મુદ્દો એ કે બધા જ વિષયમાં પચાસ ટકા માર્ક કોલેજ કક્ષાએ આપવાના હોય અને ત્રણ પેપરમાં તો સો એ સો ટકા માર્કિંગ કોલેજ દ્વારા જ થવાનું હોય તો ગુણવત્તાના પ્રશ્નો ઉદ્ભવવાના છે. વળી ગુજરાતમાં જે રીતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો છે ત્યાં આ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિમાં ગુણવત્તાની આશા રાખવી કેટલા અંશે યોગ્ય થશે?**

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે દેશમાં બંધારણના અમલ બાદ કહ્યું હતું કે બંધારણ ગમે તેટલું મહાન હોય તેનો અમલ કરનારા કેવા છે તેના પર તેના પરિણામનો આધાર છે. બસ આવું જ નવી શિક્ષણ નીતિના સંદર્ભે કહી શકાય કારણ કે આમ તો શિક્ષણ નીતિ ૨૦૨૦ એ શિક્ષણ ક્ષેત્રનું નવું બંધારણ છે. આ નીતિની જાહેરાત સમયે તેનાં ઘણાં વખાણ થયાં હતાં, પણ હવે જેમ જેમ અમલનો અનુભવ થતો જાય છે તેમ તેમ બાબાસાહેબે કહેલી વાત અહીં પણ લાગુ પડતી જાય છે.

ઉચ્ચ શિક્ષણમાં નવી શિક્ષણના અમલમાં એક સત્ર પૂરું થયું અને વ્યાવહારિક મુશ્કેલીઓ આવવા પણ માંડી. એક તો ગુજરાતમાં સેમેસ્ટર પ્રથા આવી ત્યારથી શિક્ષણની ઘોર ખોદાઈ ગઈ છે. છ મહિનાના સત્રમાં એક મહિનો પ્રવેશમાં જાય અને માંડ બે મહિના શિક્ષણ થાય ના થાય ત્યાં પરીક્ષા આવી જાય છે અને પછી વેકેશન થાય છે. વિજ્ઞાન પ્રવાહમાં તો પ્રેક્ટીકલ પરીક્ષાનું તંત્ર એટલું લાંબુ ચાલે છે કે તે શિક્ષણના દિવસો પણ ખાઈ જાય છે. હવે નવી મુશ્કેલી ઊભી થઈ છે અને તે છે નવી શિક્ષણ નીતિ અંતર્ગત આપવામાં આવેલ વિષય વૈવિધ્યની નવી શિક્ષણ નીતિમાં હવે આર્ટસ, કોમર્સ, સાયન્સ અને તેના જ વિષયોનું નિશ્ચિત માળખું એવું રહ્યું નથી. હવે વિભાગોની સરહદો ઓળંગીને વિદ્યાર્થી બીજા વિષયો પણ પસંદ કરી શકે છે એટલે કે ભૌતિકશાસ્ત્ર સાથે તે અભિજ્ઞાન શાકુંતલ પણ ભણી શકે છે અને વળી તમામે ભારતીય જ્ઞાન પરમ્પરાનો એક વિષય ભણવાનો છે.

એટલે હવે થયું છે એવું કે ખૂબ બધા વિષયો અને વિકલ્પોની પરીક્ષા લેવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવાની થાય છે અને નવા માળખામાં મૂલ્યાંકન પ્રક્રિયામાં પચાસ ટકા કોલેજ કક્ષાએ અને પચાસ ટકા મૂલ્યાંક્ન યુનિવર્સિટી કક્ષાથી થશે અને કોલેજ કક્ષાના મૂલ્યાંક્નમાં એસાઈનમેન્ટ, સેમિનાર, ક્વીઝ, ચર્ચા જેવી અનેકવિધ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનું સર્વગ્રાહી મૂલ્યાંક્ન થશે. હાલમાં જે જોવામાં આવ્યું છે તેમાં હવે કેટલીક યુનિવર્સિટીએ તો મુખ્ય બે વિષયના પેપર સિવાયના લગભગ ત્રણ વિષયના ત્રણ પેપરની પરીક્ષા અને મૂલ્યાંકન કોલેજને સ્થાનિક લેવલે જ સોંપ્યું છે એટલે ત્યાં તો સો એ સો ટકા મૂલ્યાંકન કોલેજે જ કરવાનું છે.

હવે વિચારવાનો મુદ્દો એ કે બધા જ વિષયમાં પચાસ ટકા માર્ક કોલેજ કક્ષાએ આપવાના હોય અને ત્રણ પેપરમાં તો સો એ સો ટકા માર્કિંગ કોલેજ દ્વારા જ થવાનું હોય તો ગુણવત્તાના પ્રશ્નો ઉદ્ભવવાના છે.

વળી ગુજરાતમાં જે રીતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો છે ત્યાં આ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિમાં ગુણવત્તાની આશા રાખવી કેટલા અંશે યોગ્ય થશે?

માત્ર લેખિત પરીક્ષા દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવાની પરમ્પરાગત પદ્ધતિની અનેક મર્યાદા છે. વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે અન્ય પાસાં પણ તપાસવાં પડે. આ દૃષ્ટિએ જોવા જઈએ તો તેઓ ચર્ચામાં જોડાય,પ્રોજેક્ટ વર્ક કરે, એસેન્મેન્ટ લખે, હેતુલક્ષી પરીક્ષા આપે, ક્વીઝ, વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં ભાગ લે અને તે દ્વારા તેના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થઈ શકે. આ વાત વાંચવામાં અને બોલવામાં ઘણી જ આકર્ષક લાગે છે પણ આ તમામના પાયામાં છે નૈતિકતા અને જવાબદારીપણું.

જો સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં ફી ભરવા માત્રથી માર્ક મળી જાય અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ કે સરકારી કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સના વાદે માર્કની લહાણી થાય તો ગુણવત્તાનું તો ધબો નારાયણ થાય. માટે નવી શિક્ષણ નીતિમાં અનીતિને છુટ્ટો દોર મળવાની સંભાવના વધી ગઈ છે. સરકાર વિષયો વધવા સાથે અધ્યાપકો વધારવા નથી માંગતી, માટે જ મલ્ટી ડીસીપ્લીનરી, ઈન્ટર ડીસીપ્લીનરી જેવા વિષયો કોલેજ કક્ષાએ જ ભણાવાય અને પરીક્ષા પણ કોલેજ જ લે તેવા નિયમો બનવા દેવાય છે. આમ પણ વિદેશોમાં કેમ્પસ યુનિવર્સિટીમાં ઓછા વિદ્યાર્થીઓ માટે નીતિમત્તાયુક્ત શિક્ષણ નીતિ મોટી સંખ્યામાં કોલેજો અને વિદ્યાર્થીઓમાં લાગુ પડવી વ્યવહારુ બની રહી નથી એવું હાલ લાગી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# બટાકાની બોલબાલા..!

**મંગલ મસ્તી**

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**આશ્ચર્ય તો એ વાતનું થાય કે, જન જન સુધી બટાકો લોકપ્રિય હોવા છતાં, કોઈ રાજનેતાએ એને ખોળે લીધો નથી બોસ..! બાકી, બટાકાનું નિશાન રાખીને જો ચૂંટણી લડવામાં આવે તો, સાતી ઠોકીને...સોરી...છાતી ઠોકીને કહું કે, 'બટાકા-પાર્ટી'૧૦૦% ફતેહ થાય..! પણ એક પણ નેતાએ 'બટાકા પાર્ટી' ઊભી કરીને મત માંગ્યા નથી**

બટાકાને ક્યારેય કમજોર માનવાની ભૂલ નહિ કરવાની. મોંઘીદાટ ગાડીમાં 'એરબેગ' આવે એમ, આપણા પેટને એરબેગ જેવા એ જ બનાવે..! અનેકના જઠરમાં આદિકાળથી બટાકા એટલા પથરાયેલા છે કે, એને ભેગા કરવામાં આવે તો બે-ચાર હિમાલય થાય..! ગીફ્ટ સીટી ગાંધીનગરમાં દારૂની હળવાશ થઇ એની સાથે બટાકાને આમ તો કોઈ લેવા દેવા નહિ, પણ હલચલ એટલી થઈ કે, લોકો વગર પીધે ગુલાંટિયાં ખાતાં થઈ ગયાં. દાળ-ભાત કરતાં દારૂની ચર્ચા વધી ગઈ..! અમુકને તો લાલી આવી ગઈ..કે, હવે પાટલી-માટલી-ખાટલી સાથે બાટલીની સવલત પણ વધવાની..! ઘણાંના મોર કળા કરવા લાગ્યા. રતનજી કહે, 'રમેશિયા..! ધીરજનાં ફળ મીઠાં તે આનું નામ..! ધીરે ધીરે સૌ સારાં વાનાં થવાનાં..!

'અચ્છે દિન'ના ડોકાં હવે દેખાવા માંડ્યાં, પણ સાલા આપણા કિલોમીટર પૂરા થવા આવ્યા..! 'એમને કોણ કહેવા જાય કે, આપણાં લમણે તો 'બટાકાનો જ્યુસ'જ લખાયેલો છે. દારૂના ગ્લાસ સાથે 'દારૂનો ગ્લાસ અથડાય તો જ ચિયર્સ થાય, બાકી, 'બટાકાના જ્યુસ'વાળો ગ્લાસ અથડાવીએ તો, કાગડો 'કબૂતરીના પ્રેમમાં પડ્યો હોય એવું લાગે..! સાલું સમજાતું નથી કે, 'બટાકા-બંધી'વિષે કેમ કોઈ વિચારતું નથી..?

દારૂની છૂટ થાય કે નહિ થાય, પણ બટાકાબંધી' લાવવાનો સમય હવે પાકી ગયો છે બોસ..! બટાકા ખાઈ-ખાઈને એક-એક આદમીએ ગેસની ફેક્ટરી નાંખી હોય એમ સૌના પેટ ફાટ-ફાટ થાય છે બોલ્લો..! ટીફીનના ૧૦૦ ડબ્બા ખોલો તો, ૯૭ ડબલાંમાંથી આજે 'બટાકો' નીકળે છે. ટીફીનમાંથી બટાકો નીકળે ત્યારે, 'જીન' પ્રગટ થતો હોય એવું લાગે. બટાકાનું શાક જોઈને મગજનું 'એલાઈમેન્ટ'ખોરવાઈ જાય. 'ગ્રહણમાં સાપ નીકળ્યો હોય, એવું ફીઈઈલ થાય. રોજેરોજના બટાકા ખાવામાં માણસ હાંફી જાય કે નહીં..? બાકી બટાકો કોઈનો વેરી નથી, 'વેરી-ફાઈન'છે. મારો ઈરાદો મુદ્દલે એવો નથી કે, બટાકો ખરાબ છે. હાથવગા હથિયાર જેવો છે. પણ સાસુનો 'સાસુ-વાસ'બે-ચાર દિવસ રળિયામણો લાગે, બાકી 'ઉદ્દપ' દિવસ સાસુની નજરમાં કેદ થવાનું આવે તો કયા બરમૂડાને ગમે..? ચમનિયો કહે, "મારી સાસુ જેવી તો કોઈની સાસુ નહિ. વરસમાં બે જ દિવસ મારા ઘરે આવે..! પણ છ-છ મહિના રહી જાય..! "તારી ભલી થાય તારી..!

એક ઘર એવું નહિ હોય કે, જેના ઘરમાં બટાકાએ ગૃહપ્રવેશ કર્યો ના હોય. બટાકો એટલે ચલતીકા નામ ગાડી જેવો..! કોઈ પણ શાક સાથે ચાલે, શાકાહારમાં પણ ચાલે, માંસાહારમાં પણ ચાલે, ને ફરાળમાં પણ ચાલે..! એવો મીઠી ફુઈના સંતાન જેવો કે, સુગરકોટેડ માણસ સિવાય, એક પણ જઠર એવું નહિ હોય કે, જેને બટાકાનો સાક્ષાત્કાર નહિ થયો હોય..! એક કવિએ તો બટાકાની સ્વચ્છંદતા વિષે જ જાણે છડેચોક લખ્યું હોય એમ બટાકો એવો સ્વૈરવિહારી કે...

**પાબંદીઓની કોઈ અડચણ ન જોઈએ**
**ચુસ્ત નિયમોનું કોઈ વળગણ ન જોઈએ**
**જીવી શકું હું જીવન કોઈને નડ્યા વગર**
**એથી વધારે કોઈ સમજણ ન જોઈએ**

આશ્ચર્ય તો એ વાતનું થાય કે, જન જન સુધી બટાકો લોકપ્રિય હોવા છતાં, કોઈ રાજનેતાએ એને ખોળે લીધો નથી બોસ..! બાકી, બટાકાનું નિશાન રાખીને જો ચૂંટણી લડવામાં આવે તો, સાતી ઠોકીને...સોરી...છાતી ઠોકીને કહું કે, 'બટાકા-પાર્ટી'૧૦૦% ફતેહ થાય..! પણ એક પણ નેતાએ 'બટાકા પાર્ટી' ઊભી કરીને મત માંગ્યા નથી. કાંદો જેમ ગરીબોની કસ્તુરી કહેવાય, એમ બટાકો એટલે 'સબકા માલિક એક' જેવો..! બટાકો એટલે ઈન્ટરનેશનલ'ખાધ..! એક દેશ એવો નહિ હોય કે, જ્યાં બટાકાએ પોતાની માયાજાળ નહિ ફેલાવી હોય..! 'એની ભાઈબંધી પણ કેવી..? કાંદા-બટાકા, વેંગણ-બટાકા, ભાજી-બટાકા વગેરે..! કોઈ પણ શાક સાથે એવાં અતૂટ સંબંધ કે, બે સગા ભાઈ વચ્ચે પણ એટલા મધુર સંબંધ નહિ હોય..! બટાકાને ખુદને ખબર ના હોય કે, આવતી કાલે મારી છેડા-ગાંઠી કયા શાક સાથે થવાની છે..!

બાળપોથીમાં ભણતા ત્યારે શિક્ષક બટાકાનો બ એટલી વાર ઘૂંટાવતા કે, આજે પણ અમારી જીભ ઉપર બટાકો હીંચકા ખાય છે બોલ્લો..! શરીરના અવયવોના નામ ભૂલી જવાય, બાકી બટાકાની બાયોગ્રાફી તો ફફડાવીને બોલી જઈએ. બટાકો બાફેલો ખવાય, રાંધેલો ખવાય, સેકેલો ખવાય, તળેલો ખવાય અને જુદા જુદા સ્વરૂપધારક હોવાથી, એના કોઈ પણ સ્વરૂપમાં એ ઉલેળાય..! ફરાળમાં પણ ખવાય ને વગર ફરાળે પણ ખવાય..! સાઉથ આફ્રિકાની પેદાશ જેવાં સૂરણનો ઘેરાવો ભલે બટાકા કરતાં દશ ઘણો હોય, છતાં બટાકા જેટલો ઝામો એનો હજુ સુધી પડ્યો નથી. બટાકાના ભાવ ચઢ-ઉતર થાય, બાકી સૂરણ અને માણસના ભાવ વધ્યા હોય એવું સાંભળવામાં નથી. ટામેટું થોડું રૂપાળું ને ફેસિયલવાળું ખરું એટલે 'સ્ટેટસ'માં રાજવી ઘરાના જેવું લાગે, બાકી કાંદા-બટાકા એટલે પૂરાં સમાજવાદી..!

બટાકો સંતાઈને જમીનમાં ઊગે. કેરી-ચીકુ કે ફણસની માફક ઝાડ ઉપર ઊગતો નથી. ઘણાએ રસાવાળા બટાકાનું શાક ખાધું હશે, બાકી પાકેલા બટાકાનો રસ કાઢીને કોઈએ 'રસ-પૂરી'ઉલેળ્યા હોય એવું સાંભળ્યું નથી. શાકાહારી પદાર્થ હોવા છતાં, માંસાહારના તપેલામાં ભળવાનું આવે ત્યારે એ ઉહાપોહ કરતો નથી. એટલા સહિષ્ણુ કે, 'અમે શાકાહારી સમાજના પાવનપુત્રો છીએ, અમને માંસાહાર સાથે ભેળવો નહિ, એવું આંદોલન પણ કરતા નથી. કારણ કે, દારૂબંધી જેવી 'માંસાહારબંધી'ની બોલબાલા ચલણમાં હજી આવી નથી..!

**લાસ્ટ ધ બોલ**

દિવસે દિવસે બટાકાના ભાવ કેમ વધતા જાય છે ભાઈ?
જમીનના ભાવ વધે છે એટલે..!
બટાકાને જમીનના ભાવ સાથે શું લેવાદેવા?
બટાકા ઉપર માટી ચોંટેલી આવે ને એટલે..!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

## એક દેશ એક જ નિયમ

દેશના વડા પ્રધાન દેશનાં તમામ ક્ષેત્રે તો બીજી બાજુ ગુજરાત રાજ્ય સરકારે હાલમાં જ નવો નિયમ અમલમાં મૂક્યો છે, જે અનુસાર સ્નાતક થયેલાં ઉમેદવારો જ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની પરીક્ષા આપી શકશે. આ અગાઉ 12મી પાસ થયેલાં ઉમેદવારો પણ આ પરીક્ષા આપી શકે એવો નિયમ હતો. હવે સમજવાનો અને વિચારવા જેવો પ્રશ્ન એવો ઉદ્ભવે છે કે રાજ્યમાં ધારાસભ્યો કે મંત્રીઓ ઓછું ભણેલાં કે અભણ હોય તો વાંધો નથી. આ તફાવત સર્જક-કેવા નિયમો છે. આ અંગે રાજ્ય સરકારે ગંભીરતાથી વિચારવું જરૂરી છે. કોઈ પણ નિયમ લાવે તો તે તમામ ક્ષેત્રે સમાનરૂપથી લાગુ પડવા જોઈએ.

**સુરત - રાજુ રાવલ**

## નહેરૂ સરદારના નામે જૂઠાણાં

દેશને આઝાદી મળી ત્યારથી જનસંઘ અને એના સહયોગી દળો વિવિધ નેતાઓના નામે જૂઠાણાં ફેલાવી કોંગ્રેસ અને નહેરૂ ગાંધી પરિવાર ઉપર રાજકીય લાભ ખાટવા આક્ષેપો કરતા રહ્યા છે. જેમાં સરદાર પટેલને અન્યાય અને પીએમ નહીં બનવા દીધા હોવાની બાબત અગ્રેસર છે.હમણાં જ અમિત શાહે આ વાત જાહેરમાં દોહરાવીને કહ્યું કે સરદારને ભારતના પ્રથમ પ્રધાનમંત્રી બનાવાતે તો ભારત આજે મહાસત્તા હોતે! ભૂતકાલીન ઈતિહાસથી અજાણ પ્રજા આ સાંભળી તાળીઓ પાડે છે. આ તાળીઓ પાડનારાઓએ સમજવું જોઈએ કે ભારતના પ્રથમ પ્રધાનમંત્રીની ચૂંટણી 1951માં થયેલી અને સરદાર પટેલનું અવસાન 1950માં 1 વર્ષ પહેલાં થઇ ગયેલું તેથી સરદારને અન્યાયની વાત જ બોગસ સાબિત થાય છે. પીએમ નરેન્દ્ર મોદી પણ આ વાત સંસદમાં ઉચ્ચારી ચૂકયા છે. સરદાર મહાન હતા પરંતુ કોંગ્રેસે અન્યાય કર્યો હોવાની બાબત બોગસ છે. વળી સરદાર પટેલ આજીવન કોંગ્રેસી રહ્યા હતા અને ગાંધી હત્યા બાદ આરએસએસ ઉપર પ્રતિબંધ પણ મૂકેલો અને સરદાર જો મહાન હતા તો મોદીજીએ સરદાર પટેલ સ્ટેડિયમનું નામ બદલીને પોતાનું નામ ઘુસાડી પટેલનું અપમાન તો મોદીએ કર્યું છે. એ કેમ નથી બોલતા? પટેલોની યે બોલતી બંધ કરી દેવાઈ છે અને આજે બીજેપીમાં અડવાણી અને મુરલી જોષીની જે હાલત કરાઈ છે એના કરતાં તો કોંગ્રેસમાં સરદારની હાલત સારી હતી.

**સુરત - જિતેન્દ્ર પાનવાલા**

## મોબાઈલ એક અભિશાપ

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ટેલિફોનમાં પણ પરિવર્તન આવતાં ગયાં છે. મોબાઈલ ફોનને વધુ મનોરંજક બનાવવા માટે તેમાં ગેમ્સનો સમાવેશ કરવામાં આવ્યો ત્યાર બાદ ગીતો સાંભળવા માટે પણ ફોનનો ઉપયોગ થવા લાગ્યો. ખાસ એકવીસમી સદીના પ્રથમ દશકમાં સ્માર્ટ ફોનનું ચલણ ખૂબ જ વધ્યું છે. બધા લોકોમાં સ્માર્ટફોનનું વળગણ એ હદ સુધી પ્રસરી ગયું છે કે કોઈ વ્યક્તિ પોતાની મહત્ત્વની ફરજો ભૂલીને પણ સ્માર્ટ ફોનને વધારે મહત્ત્વ આપવા લાગી ગયો છે. વધારેમાં હવે તો જુદા જુદા ડિજિટલ પ્લેટફોર્મ જેવા કે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુ ટ્યુબ, ટ્વીટર વગેરે હાલમાં ખૂબ જ ઉપયોગમાં લેવાય છે. ઘરે બેઠાં બધી જ માહિતી આપણે ફોનમાંથી મેળવી શકીએ છીએ. માહિતીના આદાનપ્રદાન સુધી આ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવામાં વાંધો પણ કશો નથી. પરંતુ જ્યારે આપણે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરવા માટે સમયસર જમતા નથી. સમયસર ઊંઘતા નથી. આખી આખી રાત સુધી વિવિધ પ્રકારની ઈંટરનેટ આધારિત ગેમો પબ જી, ફી-ફાયર રમવામાં કાઢી નાખીએ છીએ ત્યારે આ બધી બાબતો આપણા જીવનધોરણને કથળતી કક્ષાનું કરી નાખે છે. એક ઉપયોગી ઉપકરણ તરીકે મોબાઈલ ફોનની શોધ કરવામાં આવી હતી. પરંતુ આજના ડિજિટલ યુગમાં મોટાથી લઈને નાનાં બાળકો, યુવાનોમાં મોબાઈલ પ્રત્યે ઘેલું વળગણ વધ્યું છે. ખાસ કરીને નાનાં બાળકોની અંદર મોબાઈલ ફોનની ઘણી માઠી અસરો જોવા મળે છે. નાની ઉંમરમાં જ બાળક ફોનની જીદ કરી બેસે છે. શારીરિક અને માનસિક વિકાસ થવો જોઈએ એ સમયગાળામાં કુમળા ફૂલ જેવું બાળક મોબાઈલ ફોનના વળગણનો શિકાર થઈ જાય છે. પરિણામે લાંબા ગાળે એનાં શારીરિક તેમજ માનસિક વિકાસ પર ખૂબ માઠી અસર પડે છે. બાળકોની આંખની જોવાની ક્ષમતામાં ઘટાડો થાય છે અને તેઓ મેદાનમાં રમાતી જે રમતો છે તે રમતાં નથી, જેથી તેમનો શારીરિક વિકાસ પણ રુંધાય છે. બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ સારી રીતે થાય તે માટે ઘરનાં વડીલોએ બાળકો પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

**માંડવી- વૈભવી વિરમ ચૌધરી**

## જીવનસાથીની વિદાય બાદ ઉપસ્થિત થતી એકલતા

લગ્નબંધનથી બંધાયેલ જીવનસાથીઓએ કયારેક તો મૃત્યુ થકી અલગ થવાનું આવે જ છે! બેમાંથી એક વ્યકિતની વિદાય ખાલીપો અવશ્ય સર્જે છે. પરંતુ જ્યારે પુરુષ વિધુર થાય ત્યારે એમની મનોવ્યથા અવર્ણનીય હોય છે. સ્ત્રીને પણ પતિ વિદાય થાય તો સમસ્યા અવશ્ય સર્જાય, પરંતુ વિધુર પુરુષની મનોવ્યથા ન કહેવાય, ન સહેવાય જેવી હોય છે. સંતાનો (પુત્ર-પુત્રવધૂ) એમની તમામ સગવડ ઉત્તમ રીતે સાચવતા હોય તો પણ પત્નીની ખોટ અવશ્ય સાલે જ છે! લગ્નજીવન દરમિયાન ગમે એટલા વૈચારિક મતભેદ હોય, પસંદગી અલગ અલગ હોય તો પણ જીવનસાથીની ગેરહાજરી એ નહીં હોય ત્યારે જ સમજાય છે. સ્ત્રી વૈધવ્યકાળ દરમિયાન ગૃહ કાર્ય કે ભકિત તરફ વળીને બાકીનું જીવન વ્યસ્ત રહી વિતાવી શકે છે. પણ પુરુષ પાત્ર નિવૃત્ત હોય તો એકલતા વધુ કનડે છે! કુદરતના નિયમ મુજબ મૃત્યુ એ સનાતન સત્ય છે, બે પાત્રમાંથી એક પાત્રે વિખૂટાં પડવાનું જ છે, તો અત્યારે જે સાથ છે એને સન્માન અને એની સાથે અનુકૂલન સાધવાના પ્રયત્નો પતિ-પત્ની બંને પાત્રોએ કરવા જરૂરી અને સંતાનોએ પણ જનરેશન ગેપ હોવા છતાં માતા પિતાને આદર પ્રદાન કરવો જરૂરી. કારણ કે તસવીર પૂજવા કરતાં માવતરને એમની હયાતીમાં ઠારવાં વધુ યોગ્ય લેખાય. આપણી હયાતી જ એમને આભારી હોય છે. શૈશવ અવસ્થાથી યુવાનીપર્યંત એમણે જ આપણો ઉછેર કર્યો હોય છે. એમની એકલતાના સાથી બનીશું તો એમના શુભાશિષ અવશ્ય પ્રાપ્ત થશે.

**સુરત - નેહા શાહ**

## વૃક્ષોની જાળવણી અર્થે પેન્શનલ આપનારું હરિયાણા દેશનું પ્રથમ રાજ્ય

''પ્રાણવાયુ દેવતા'' નામની સ્કીમ હરિયાણા રાજ્યમાં ચલાવવામાં આવી રહી છે. આ સ્કીમ હેઠળ કરનાલમાં વૃક્ષોના સંરક્ષણ માટે પ્રદેશ સરકારે જિલ્લાની અલગ-અલગ પંચાયતો અને શહેરી વિસ્તારમાં આવેલા 75થી 150 વર્ષ જૂનાં 120 વૃક્ષો માટે જિલ્લા વન વિભાગે પ્રથમ વર્ષ માટે રૂપિયા 2750ની પેન્શન શરૂ કરી દીધી છે. આ માટે વિભાગને રૂપિયા 3.30 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. વન વિભાગના જણાવ્યા અનુસાર જિલ્લામાં નવ પ્રકારનાં વૃક્ષોને પેન્શનનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ 49 પીપળાના વૃક્ષ અને 36 વડના વૃક્ષ સામેલ છે. આ વૃક્ષોની ઉંમર 75 થી 150 વર્ષ સુધીની છે. વૃક્ષોની જાળવણી અર્થે તેના જમીન માલિકોને પેન્શન આપવાની શરૂઆત કરનાર હરિયાણા દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. તમામ જિલ્લાવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તે આવાં વૃક્ષો શોધીને પેન્શન માટે અરજી કરે, લોકો આવાં વૃક્ષો શોધીને પેન્શન માટે અરજી કરવા માટે વૃક્ષોના જમીનના માલિકોને આ સ્કીમથી અવગત (જાણ) કરે. જૂનાં વૃક્ષો જીવન માટે જરૂરી ઓક્સીજન (પ્રાણવાયુ)નો મુખ્ય સ્રોત છે. આવાં વૃક્ષોની જાળવણી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. તેથી જ હરિયાણાની જૂનાં વૃક્ષોની જાળવણી અર્થે જે સ્કીમ અમલમાં મૂકી છે તે ખૂબ જ આવકારદાયક અને સ્તુત્ય છે અને અન્ય રાજ્યો માટે અનુકરણીય પણ છે જ. જૂનાં વૃક્ષોની જાળવણીથી ગ્લોબલ વોર્મિંગની અસર પણ ઓછી કરી શકાશે.

**પાલનપુર - મહેશ વી. વ્યાસ**